R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 16 DATE: 22-04-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ગૌરક્ષાને નામે ચાલતી ગુંડાગર્દી રોકાવા માટે સુપ્રીમકોર્ટની કેન્દ્ર અને ૬ રાજ્યોને નોટીસ

રાજસ્થાનના અલવરમાં ગૌરક્ષાના નામે શકમંદ ગૌતસ્કરો પર કરવામાં આવેલા હિંસક હુમલાની ઘટનામાં ૫૫ વર્ષના પહલુખાનનું મોત થયા પછી દેશમાં ગૌહત્યા પર પ્રતિબંધ અને ગૌરક્ષકો દ્વારા ચલાવાતી ગુંડાગીરીનો પ્રશ્ન વિવાદાસ્પદ બન્યો છે.આવા સમયે સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્ર સરકાર તેમજ ૬ રાજ્યો પાસેથી જવાબ માંગવામાં આવ્યો છે કે શા માટે ગૌરક્ષાના નામે ચાલતી ગુડાગર્દી ચલાવતાં સંગઠનો પર પ્રતિબંધ ન મુકવામાં આવે ? કોર્ટે જે છ રાજ્યોને નોટીસ બજાવી છે તેમાં ગુજરાત,કર્ણાચક,રાજસ્થાન, ઝારખંડ,ઉત્તરપ્રદેશ તેમજ મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.આ રાજ્યો પાસે ત્રણ અઠવાડીયામાં જવાબ માંગવામાં આવ્યો છે. આ કેસની વધુ સુનાવણી ૨જી મે ના રોજ હાથ ધરાશે.

કેન્દ્ર સરકાર આવા સંગઠનો પર પ્રતિબં લગાવવામાં કે અંકુશ લાદવામાં નિષ્ફળ નીવડી છે તેથી કોર્ટનો સહારો લેવામાં આવ્યો છે તેમ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરનાર પુનાવાલાએ જણાવ્યુ હતું. દુર્ભાગ્યપુર્ણ વાત એ છે કે ગુજરાત,મહારાષ્ટ્ર અને હરિયાણા જેવા રાજ્યોમાં રાજ્ય સરકારો જ આવા સંગઠનોને રક્ષણ આપે છે.અને તેમને એક યા બીજા કારણોસર માન્યતા પણ મળી જાય છે.અરજદારે કહ્યુ હતું કે આવા ગૌરક્ષક દળોમાં મહદ અંશે પૈસા વસુલી કરનારાઓ જ વધારે હોય છે.જેઓ ગૌરક્ષાના નામે ગુંડાગીરી અન ગુનાઓ આચરતા હોય છે.

પુનાવાલાની અરજીમાં ગૌહત્યા અને ગૌતસ્કરીના ૧૦ કિસ્સાઓમાં હિંસા આચરવામાં આવી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.તેમાં રાજસ્થાનના અલવરમાં બનેલી ઘટના ઉપરાંત ૨૦૧૫માં યુપીમાં દાદરી કાંડ તેમજ ગુજરાતના ઉનામાં ગયા વર્ષે દલિતો પર કરવામાં આવેલા હુમલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.અરજીમાં ગૌરક્ષક દળોની તુલના સીમી જેવા આતંકી સંગઠન સાથે કરવામાં આવી હતી.લઘુમતી વર્ગના લોકો એટલેકે મુસ્લીમો અને દલિતોમાં ગૌરક્ષક દળ ોનો ખોફ જોરદાર રીતે ફેલાયેલો છે તેની સીમીની જેમ તેના પર પ્રતિબંધ લગાવવામાં આવે તેવી માંગણી કરાઇ છે.

સોશ્યલ મીડીયામાં આ સંગઠનો દ્વારા જે કાંઈ પોસ્ટ કરવામાં આવે છે તેના પર પ્રતિબંધ લગાવવામાં આવે તેવી માંગણી કરાઈ છે. કોર્ટે પણ આ બાબતે કહ્યુ હતું.અરજદારે માંગણી કરી હતી કે ગુજરાત,મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ગૌહત્યા વિરુધ્ધ જે કાયદાઓ અમલમાં છે તેની કેટલીક જોગવાઈઓને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે.

સંસદમાં કેન્દ્રીય પ્રધાન મુખ્તાર નકવીએ અલવરના મામલાને કોઈ ધર્મ સાથે જોડવાની મનાઈ ફરમાવી હતી..

## બ્રિટને પણ વિઝાના નિયમો કડક બનાવ્યા : ભારતીયો-નોન ઇયુ દેશોના લોકોને અસર થશે

બ્રિટનમાં અમલમાં આવી રહેલા નવા કડક નિયમોને કારણે ભારતીયો અને નોન-ઈયુ દેશોના લોકોને અસર થશે.૬ એપ્રિલથી આ નવા નિયમો અમલી બન્યા છે.નવા નિયમ મુજબ વિઝાધારક પાસેથી દર વર્ષે ૧૦૦૦ પાઉન્ડ ઈમીગ્રેશન સ્કિલ ચાર્જ વસુલવામા આવશે.આ ઉપરાંત બ્રિટનની સરકાર દ્વારા મહત્તમ પગારની મર્યાદા નક્કી કરવામાં આવી છે.અને હેલ્થ સરચાર્જ લાદવામાં આવ્યો છે.૬ એપ્રિલથી આઈસીટી વિઝાધારકના ડિપેન્ડન્ટ અને અન્ય ડિપેન્ડરો દર વર્ષે ૨૦૦ પાઉન્ડ હેલ્થ સરચાર્જ ચુકવવાનો રહેશે.બ્રિટશ સ્ટાફને તાલિમ આપવા સ્કિલ ચાર્જ લદાયો છે. આ હેઠળ જે ફંડ એકઠું થશે તેનો ઉપયોગ બ્રિટિશ નાગરિકોને તાલીમ આપવા કરાશે્ને દર વર્ષે નોકરીમાં લેવાતા દરેક નોન ઈયુ કર્મચારીઓ પાસેથી વસુલવામાં આવશે.

સરકારના આ પગલાંને કારણે ટાયર-૨ હેઠળની વિઝા અરજી માટેનો માલિકો પરનો ખર્ચ વધી જશે.આ હિલચાલનો હેતુ નોન-ઈયુ કર્મચારીઓ પરનું બ્રિટનનું અવલંબન ઘટાડવાનો છે. બેકઝિટ પછી ઈયુના નાગરિકો કે જેઓ યુકેમાં કામ કરવા માંગતા હોય તેમને આ વિઝા અંકુશો લાગુ પડશે.ભારત જ્યારે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટમાં ચાવીરુપ દેશ છે ત્યારે ભારતીય પ્રતિનિધિઓ દ્વારા પ્રોફેશનલ્સની વિઝા મોબીલીટીનો મુદ્દો મંત્રણામાં ઉઠાવવામાં આવી રહ્યો છે.આઈસીટી હેઠળ ગ્રેજ્યુએટ ટ્રેઈની સિવાયના તમામ આઈસીટી વ્યવસાયીઓ માટે પગારની તમામ મહત્તમ મર્યાદા ૪૧,૫૦૦ પાઉન્ડની નક્કી કરાઈ છે.

## ત્રીજા વિશ્વયુધ્ધના ભણકારાથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ : સીરીયામાં અમેરિકાએ મિસાઇલ્સ મારો ચલાવ્યો

અમેરિકાએ સીરીયાના શાયરત એરબેઝ પર ૬૦ મિસાઈલ્સનો મારો ચલાવ્યો હતો.સીરીયામાં તાજેતરમાં થયેલા રસાયણિક હુમલાના અનુસંધાનમાં અમેરીકી પ્રમુખ ટ્રમ્પે પુરોગામી વહીવટીતંત્રની નીતિને અનુસરતાં આ આદેશ આપ્યા હતા.પુરોગામી વહીવટી તંત્રે અસદના સૈન્યને સીધુ નિશાન બનાવવાની નીતિ નક્કી કરી હતી.સીરીયાના લશ્કરે કહ્યુ કે હુમલામાં છ લોકોના મોત નિપજ્યા હતા. અને અનેકો ઘાયલ થયા હતા.સીરીયા સામે લેવાયેલું પગલું ટ્રમ્પનું અત્યાર સુધીમાં લીધેલું સૌથી મોટું પગલું છે. તેમાં કોઈ શક નથી કે સીરીયામાં થયેલા કેમીકલ હુમલા માટે પ્રમુખ બશર-અલ-અસાદ જવાબદાર છે.ટ્રમ્પે એવી સ્પષ્ટતા કરી હતી કે અસાદ માસુમો,મહિલાઓ અને બાળકોનું લોહી વહેવડાવી રહ્યા છે. તેમણે કહ્યુ હતું કે જ્યાં રશિયન સૈન્ય તૈનાત હશે ત્યાં અમેરિકી હુમલા નહીં થાય.ટ્રમ્પ વહીવટી તંત્રે એમ પણ કહ્યુ હતું કે હુમલા કરવા માટે રશિયન વહીવટીતંત્રની મંજુરીની આવશ્યકતા નથી.રશિયા અસદનું યુધ્ધમાં સાથી છે.જેથી ટ્રમ્પનું આ પગલું અસાદના સાથી રશિયા,ઉત્તર કોરીયા કે ઈરાન જેવા દેશોને પણ સંકેત આપી દેશે.જો કે અમેરિકી મિસાઈલના હુમલાથી રશિયાના પ્રુમખ પુતિનો આલોચના કરી હતી.તેમણે કહયુ હતું કે આ હુમલો આંતરરાષ્ટ્રીય કાયદાના ભંગ બરોબર હોવા સમાન છે.રશિયાનું એવું માનવું છે કે અમેરિકી હુમલા બાદ ત્રાસવાદ સામે સંગઠિત થઈને લડત આપવાના પ્રયાસને આ ફટકા સમાન છે.ઈઝરાયેલ,બ્રિટન વિગેરે દેશોએ ટ્રમ્પના પગલાને આવકાર્યો હતો.

## દુષ્કાળ પિડીત ખેડુતોનું દેવું માફ કરવાનો મદ્રાસ હાઇકોર્ટનો તામિલનાડુ સરકારને આદેશ

મદ્રાસ હાઈકોર્ટે દુષ્કાળ પીડીત ખેડુતોના દેવા માફ કરવાનો આદેશ કર્યો છે.તામિલનાડુ સરકારને આ આદેશ કરવા પાછળ હાઈકોર્ટે ખેડુતો જંતરમંતર ખાતે પ્રદર્શન કરી રહ્યા છે તેનો પડઘો છે. તામિલનાડુના દુષ્કાળગ્રસ્ત વિસ્તારના ખેડુતોની માંગ સાથે ભારતીય કિસાન સંઘ જોડાયો હતો. ભારતીય કિસાન યુનિયનના બલબીરસિંહ રાજવાલેએ જણાવ્યુ હતું કે સરાકર ખેડુતોના હાલ વિશે પણ પુછતી નથી.ઉલ્લેખનીય છે કે કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિત કેટલાક વિરોધ પક્ષના નેતાઓ અને દક્ષિણ ભારતના ફિલ્મ અભિનેતાઓએ પણ ખેડુતોના સમર્થનમાં પોતાનો અવાજ ઉઠાવ્યો હતો.

ખેડુતોની દયનીય પરિસ્થિતિ અંગે ચિતા વ્યક્ત કરતાં મદ્રાસ હાઈકોર્ટે તામિલનાડુ સરકારને ખેડુતોના દેવા માફ કરવાનો આદેશ કર્યો હતો.

## ભાજપ-આરએસએસના સભ્યો જ ભારતીય છે ? ચિદામ્બરમ

કોગ્રેસના નેતા પી.ચિદમ્બરમે ભાજપના નેતા તરુણ વિજયની દક્ષિણ ભારતીય લોકો અંગે કરાયેલી ટિપ્પણી પર નિશાન સાધતાં કહ્યુ હતું કે શું તરુણ વિજય ભાજપ અને આરએસએસના સભ્યોને જ ભારતીય માને છે ? તેમણે ટ્વિટર પર લખ્યુ હતું કે જ્યારે તરુણ વિજય એમ કહે છે કે અમે કાળા લોકો સાથે રહીએ છીએ તો હું તેમને પુછવા માંગુ છું કે તેમાં અમે લોકો કોણ છે ? શું તેઓ ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્યોને ભારતીય માને છે ? ચિદમ્બરમ તામિલનાડુંના રહેવાસી છે અને પુર્વ ગૃહમંત્રી અને નાણાંમંત્રી પણ રહી ચુક્યા છે.

જો કે ઘણા બધા લોકોએ આ ટિપ્પણી બાબતે તરુણ વિજય સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

### વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

શંકાના આધારે દેશમાં હિંસા,અત્યાચારનો દોર વધી રહ્યો છે.વિમાનમાં પ્રવાસ કરતાં એક પક્ષના સાંસદે વિમાન કર્મચારીને ચંપલો વડે ફટકાર્યો અને પછી જે શેખી મારી પરિણામે વિમાની કંપનીઓએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો. પછી ખોટા કૃત્ય માટે પસ્તાવાના બદલે સંસદને માથે લીધી.તેઓ સામાન્ય નાગરિકની જેમ પ્રવાસ કરી શકે તેમ નથી કારણકે દેશમાં તેમને સત્તાના કારણે અનેક ગણી સુવિધાઓ મળી ગઈ છે અને હવે તેના વગર ચાલે તેમ નથી.

યુપીમાં દાદરી કાંડમાં પણ શંકાના આધારે એક મુસ્લીમના ઘરમાં પેસી જઈને ગૌરક્ષકો દ્વારા તોડફોડ,મારામારી અને હત્યા કરવામાં આવી.શંકાના આધારે આ દેશમાં આ કહેવાતા ધર્મના રક્ષકો ગમે તેવા કૃત્યો કરી શકે અને તેને સત્તા પર બેઠેલા લોકો છાવરી લે.

અલવરમાં તાજેતરની ઘટનામાં બજારમાંથી પાળવા માટે વેચાતી લીધેલી ગાય માત્ર શંકાને આધારે તે ગૌતસ્કરીનો મામલો ગણાવી હત્યા કરી દેવાઈ.હત્યા નથી થઈ તેવી કબુલાત સંસદમાં સત્તાધારી પક્ષના સાંસદે કરી અને બચાવ કર્યો. સરકાર આટલી હદે નીચે જઈ શકે તેનો બેનમુન નમુનો આથી વિશેષ શો હોઈ શકે.પોતાના સાથીદારોના ગેરકાયદેસર કરેલા કૃત્યનો બચાવ કરવા માટે ગમે તેવા બહાના કાઢી શકે તો પછી તેઓ પોતે શું ના કરી શકે તે સવાલ ઉભો થાય છે.

યુપીના મહારાજગંજ જિલ્લાના સિસવાના ડિઢોલી ગામે ખ્રિસ્તીઓના ચર્ચામાં ચાલી રહેલ પ્રાર્થના સભા માટે પરવાનગી લીધેલ નથી તેવો પોલીસનો આરોપ મુકાયો.ચર્ચની ગુડફ્રાયડે સપ્તાહ પહેલા મળી રહેલ પ્રાર્થના સભાને કોક હિંદુ સંગઠને ફરિયાદ કરતાં અટકાવવવામાં  આવી તો પોલીસને તો દેશના બંધારણની જોગવાઈઓની ખબર નહોતી ? મંદિર,મસ્જીદ,ગુરદ્વારા કે ચર્ચમાં  પ્રાર્થના સભા,પુજા અર્ચના કે નમાઝ માટે પોલીસની પરવાનગી લેવી પડે તેવી બેવકુફીભરી વાત કરીને સત્તાધારી પક્ષની દેખીતી કનડગત ના કહેવાય ?હજુ સુધી આ દેશમાં બંધારણ અમલમાં છે. આ દેશ હજુ સુધી હિંદુ રાષ્ટ્ર ઘોષિત થયો નથી તેની જાણકારી હોવી જરુરી છે.હિદુ ધર્મના પ્રતિક રુપે ગાયને માન્ય રખાય પરંતુ ગાયની કત્લ જરુરી નથી. પરંતુ તેના લીધી ભેસના માંસ પર પ્રતિબંધ લાદીને માંસાહારીઓ શું આ દેશમાંથી તગેડી મુકવા માંગો છો.જીવદયાને નામે બકરા અને મુરઘીઓની હત્યા અટકાવવા માટે તેનુ પરિવહન કરતાં વાહનો જપ્ત કર્યા અને ત્યારબાદ તે જાનવરો અને પક્ષીઓ મરણ પામ્યા તો હવે આ હત્યા કોના શીરે જશે. ગુજરાત હાઈકોર્ટે આ જીવદયાના રક્ષકોને આ જાનવર અને પક્ષીઓની કિંમત તેમના માલિકોને ચુકવી આપવાનો હુકમ કર્યો છે.ખેર હવે લોકશાહીની ક્રુર હત્યાનો સીલસીલો એટલે અચ્છે દિન આવી ગયા છે.દેશની પ્રજાએ હજુ પણ જાગવાની જરુર છે કારણકે પછી એવા દિવસો આવશે કે ત્યારે ઘણુ મોડુ થઈ ચુક્યું હશે.આઝાદી આપતાં પહેલા ચર્ચીલે કહેલા શબ્દોના પડઘા આજે પણ પડે છે ત્યારે લાગે છે કે તે વ્યકિત સાચો હતો.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# દેશભરમાં ગૌરક્ષાના નામે ગુંડાગીરી ચલાવાઇ રહી છે : હૈદ્રાબાદના સાંસદ ઔવેસીએ રાજસ્થાનમાં ગૌરક્ષકોના હુમલામાં એક મુસ્લીમની હત્યા બાદ આક્રોશ વ્યક્ત કર્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૌરક્ષકોની ગુંડાગીરી નાથવા સ્પષ્ટ આદેશો આપ્યા બાદ થોડાક વખત શાંતિ જળવાઈ પરંતુ ફરીથી એક ઘટના તાજેતરમાં ઘટી. રાજસ્થાનના અલવરમાં ગાયને લઈ જઈ રહેલા કેટલાક મુસ્લીમ લોકોને ગૌરક્ષકોના ટોળાએ જીવલેણ હુમલો કરીને ઢોર માર માર્યો હતો. જે પૈકી એક મુસ્લીમ પહલ ખાનનું હોસ્પીટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જો કે ગાયને લઈ જનારાઓ પાસે તેના યોગ્ય પરમીટ અને કાગળો હતો.પરંતુ ઝનુની ટોળાએ પોલીસની હાજરીમાં આ લોકો પર જીવલેણ હુમલો કર્યો હતો.પોલીસ મુક પ્રેક્ષક બની રહી હતી.રાજસ્થાનના ગૃહમંત્રીએ ગૌરક્ષકોનો બચાવ કરતાં કહ્યુ હતું કે તેમણે કાયદો હાથમાં લેવાની જરુર નહોતી પોલીસ તેનુ કાર્ય કરશે.પરંતુ આતો ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવાનો કીમીયો છે.ગૌરક્ષો દ્વારા હત્યા થઈ ચુકી છે.

એવું જાણવા મળે છે કે ગાયને લઈ જનારા શકમંદો સાથે જેમણે મારપીટ કરી છે તેમાં બજરંગ દળ,હિંદુ જાગરણ મંચ તેમજ વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરોનો સમાવેશ થાય છે.ગૌરક્ષાના નામે લોકોનું ટોળું કેટલાક લોકોને માર મારી રહ્યુ હતુ ત્યારે નજીક ઉભેલી પોલીસ મુક પ્રેક્ષક બનીને આ ઘટના જોઈ રહી હતી.હૈદ્રાબાદના સાંસદ અને એઆઈએમઆઈએમના અધ્યક્ષ અરાદુદીન ઔવેસીએ દુઃખ વ્યક્ત કરતાં કહ્યુ હતું કે દેશભરમાં ગૌરક્ષાના નામે ગુંડાગીરી ચલાવાઈ રહી છે.યુપીમાં દાદરીમાં ગૌમાંસ રાંધવાના મામલે અખલાકની હત્યા પછી દેશમાં ગોરક્ષાના નામે ૬ મુસ્લીમોની હત્યા કરવામાં આવી છે.

જે રાજ્યોમાં ગૌવંશ બાબતે ઝગડાઓ થઈ રહેલા છે ત્યાં કડક કાયદાઓ અમલમાં છે તો પછી જે કામ પોલીસને કરવાનું છે તે સત્તાધારી પક્ષના કહેવાતા કાર્યકરો કાયદો હાથમાં લઈને જે કાર્ય કરે છે તે કેટલે અંશે વ્યાજબી છે.જો કાયદાનું પાલન કેટલાક લોકોએ અન્યો પાસે જ કરાવવાનું હોય તો કોર્ટ,પોલીસ અને વહીવટીતંત્રની કોઈ જરુરીયાત રહેતી નથી.

# અમેરિકાએ વિઝાના નિયમો કડક કરતાં ભારતીય આઇટી પ્રોફેશનલ્સ માટે મુશ્કેલીઓ સર્જાશે

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રે એચ-૧બી વિઝા આપવાના નિયમો કડક બનાવી દીધા છે.અને કહ્યુ છે કે અગાઉની ઓબામા સરકારે આ મામલે ઢીલી નીતિ અપનાવી હતી. એચ ૧બી વિઝા પ્રોગ્રામના દુરપયોગની સમસ્યા દુર કરવા માટે કાયદા વિભાગે આકરી ચેતવણી આપીને કહ્યુ છે કે જે કંપની એચ ૧ બી વિઝા માટે અરજી કરશે તે કોઈપણ પ્રકારે અમેરિકાના કર્મચારીઓ સાથે ભેદભાવ નહીં કરે.અમેરિકાએ જાહેર કર્યુ છે કે સાદા કોમ્પ્યુટર પ્રોગ્રામરને સ્પેશીયાલીસ્ટ ગણવો જોઈએ નહીં.અમેરિકાની નવી નીતિને કારણે ભારતમાંથી દર વર્ષે જતા આઈટી પ્રોફેશનલ્સને ભારે નુકશાન પહોચી શકે છે.યુ.એસ સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસીસ એ કહ્યુ છે કે સામાન્ય રીતે એન્ટ્રી લેવલના કમ્પ્યુટર પ્રોગ્રામરના હોદ્દાને સ્પેશીયાલિસ્ટ ગણવામાં આવવો જોઈએ નહીં.યુએસસીઆઈએસ દ્વારા ડિસેમ્બર ૨૦૦૦થી એક



ગાઈડલાઈન બનાવવામાં આવી હતી અને તે અન્વયે વિઝા ઈશ્યુ કરાતા હતા.જો કે ૩૧મી માર્ચ ૨૦૧૭ ના રોજ તેમાં સુધારા કરાયા છે.જે અંતગર્ત વિઝા નિયમો વધુ કડક થતાં ભારતીય પ્રોફેશનલ્સને માટે નુકશાનકારક સાબિત થશે.

સિવિલ રાઈટ્સ ડિવિઝનના કાર્યકારી સહાયક એટર્ની જનરલ ટોમ વ્હીલરે કહ્યુ હતું કે એચ ૧બી વિઝાનો દુરપયોગ કરીને અમેરિકાના કર્મચારીઓ સાથે કોઈપણ જાતનો ભેદભાવ ચલાવી લેવાશે નહીં. આવું કંઈ પણ માલુમ પડશે તો તેની તપાસ થશે અને પગલાં લેવાશે.બીજી તરફ વિઝા જારી કરવાની કામગીરી કરતી યુએસસી આઈએસે પણ તેના નોટીફીકેશનમાં કહ્યુ છે કે એચ ૧બી વિઝા સબંધિત અરજી પર નિર્ણય કરવા માટેના નિયમો આકરા બનાવી દેવાયા છે. આમ તો અમેરિકામાં આ કાયદા છેલ્લા બે દાયકાથી છે જ, પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રના મતે અત્યાર સુધી તેનો કડક અમલ થયો નથી. જેને કારણે કંપનીઓ તેનો દુરપયોગ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે યુએસસીઆઈએસે આ વર્ષ માટે ૩ એપ્રિલે એચ ૧બી વિઝા માટે અરજી સ્વીકારવાનું શરુ કર્યુ છે.ત્યારેજ વહીવટીતંત્ર તેનો દુરપયોગ અટકાવવા માટે સક્રિય થઈ ગયું છે.હજુ તો પ્રોફેશનલ્સ માટે કડક કાર્યવાહી શરુ કરવામાં આવી છે.ગેરકાયદે વસાહતીનો પછી વારો


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



## સામાજિક સમરસતાના પુરસ્કર્તા
## ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકરને
## ૧૨૬મી જન્મજયંતિ ઉપક્રમે
## સમગ્ર ગુજરાત અર્પે છે ભાવાંજલિ

" મારુ સામાજિક તત્વજ્ઞાન ત્રણજ શબ્દોમાં ગુંથાયેલું છે ....
સ્વતંત્રતા,સમતા અને બંધુતા "
ડો.બાબાસાહેબ આંબેડકર

સામાજિક કલ્યાણ અને ઉત્કર્ષ માટે રૂ.૨૮૫૭ કરોડ ખર્ચાશે
કુંવરબાઇનું મામેરુ યોજના : સહાય વધારીને રૂ.૧૨,૦૦૦કરી
બોટાદ,વેરાવળ,પોરબંદર,લુણાવાડા,ભરુચ ખાતે પાંચ કુમાર છાત્રાલયો
ખાસ તાલીમ યોજના : અનુસુચિત જાતિના યુવાઓ સરકારી નોકરીમાં ભરતી માટે થશે સજ્જ : રૂ.૫ કરોડની જોગવાઇ
અનુસુચિત જાતિની વિદ્યાર્થીનીઓને વિનામુલ્યે સાઇકલ : રૂ.૪૮ કરોડની જોગવાઇ
ડો.બાબાસાહેબ આંબેડકર ઉધોગ ઉદય યોજના : કેન્દ્ર સરકારના સ્ટેન્ડ અપ ઇન્ડીયા કાર્યક્રમ અંતગર્ત અનુસુચિત જાતિ-જનજાતિના લાભાર્થીઓ માટે ખાસ પેકેજ : માળખાગત સુવિધાઓ માટે વધારાની સહાય

## ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકરને
## ૧૨૬મી જન્મજયંતિએ શત્ શત્ વંદન

" બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરને કોટી કોટી વંદન "
શ્રી નીતિનભાઇ પટેલ , નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## વંચિતોના વિકાસ માટે કટિબધ્ધ સરકાર




શ્રી નરેન્દ્રભાઇ મોદી
પ્રધાનમંત્રી,ભારત સરકાર



શ્રી વિજય રુપાણી
મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય

## ઉત્તરપ્રદેશના ખેડુતોનું ૩૬,૩૫૯ કરોડનું દેવું માફ : પાંચ હજાર ઘઉં ખરીદ કેન્દ્ર સ્થાપવાની ઘોષણા

ઉત્તરપ્રદેશના કરોડો ખેડુતો જે નિર્ણયની રાહ જોતા હતા તેની યુ.પીના મુખ્યમંત્રી યોગીજીએ જાહેરાત કરી.જો કે કેન્દ્રીય નાણાં મંત્રીએ ખેડુતોના દેવા માફ ના કરી શકાય તેવું નિવેદન કરીને યુપીની ચુંટણી દરમિયાન અપાયેલા વચન અંગેની શંકા ઉભી કરી હતી. પરંતુ યોગી આદિત્યનાથે કેબીનેટની મીટીંગમાં ખેડુતોનું દેવું માફ કરવાનો ચુંટણીલક્ષી એજન્ડાને બહાલ કર્યો હતો.રાજયના નાના અને સીમાંત ખેડુતોના એક લાખ સુધીનું પાકનું દેવું માફ કરી દેવામાં આવ્યુ છે.આશરે ૧૫ કરોડ ખેડુતોના માથેથી રુ.૩૦,૭૨૯ કરોડનો બોજો હળવો થશે.સાત લાખ ખેડુતોનુ રુ. ૫૬૩૦ કરોડની એનપીએ પણ માફ કરાઇ



છે.સરકારે સ્પષ્ટ કર્યુ છે કે આ માટેનું ભંડોળ કિસાન રાહત બોન્ડ થકી એકત્ર કરાશે.

આ ઉપરાંત યોગી સરકારે પાંચ હજાર જેટલા ઘઉં ખરીદ કેન્દ્ર સ્થાપિત કરવાની આયોજન કર્યુ છે.જેમાં ૮૦ લાખ મેટ્રીક ટન ઘઉં ખરીદવામાં આવશે. ટેકાના લઘુત્તમ ભાવ ક્વિન્ટલ દીઠ રુ.૧૬૨૫ ઉપરાંત ક્વિન્ટલ દીઠ ૧૦ રુપીયા લોડીંગ-અનલોડીંગના આપવામાં આવશે.આધારકાર્ડના આધારે ખરીદી થશે અને પૈસા સીધા ખેડુતના ખાતામાં જમા થશે. એન્ટી રોમિયો સ્કોવર્ડ સારુ કામ કરી રહી છે જો કે નિર્દોષોની સતાવણી ના થાય તેની ખાસ કાળજી રખાશે. બટાકાના પાકનો યોગ્ય ભાવ ખેડુતોને મળે તે માટે નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મોર્યની આગેવાનીમાં ત્રણ સભ્યોની સમિતિ બનાવાશે.રાજયમાં મુડી રોકાણ વધે અને યુવાઓને રોજગાર મળે તે માટે એક નવી ઉધોગ નીતિ અમલી બનશે.

## ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા ઇનચાર્જ ડીજીપી તરીકે ગીતા જોહરીની નિમણુંક

ગુજરાત સરકારે સિનિયોરીટીને પ્રાધાન્ય આપીને ગીતા જૌહરીને રાજયના પ્રથમ મહિલા ઇનચાર્જ ડીજીપી બનાવ્યા છે.હાલમાં રાજયમાં સિનિયર મોસ્ટ આઇપીએસ ગીતા જૌહરીને રેગ્યુલર પોસ્ટીંગને બદલે ઇનચાર્જ ડીજીપી બનાવાયા હોવાને કારણે ચારેકોર વ્યાપક ચર્ચાઓ થઇ રહી છે.ગીતા જૌહરી ગુજરાત પોલીસ આવાસ નિગમના ચેરમેન ઉપરાંત ડીજીપીનો કાર્યભાર સંભાળશે.

ગીતા જૌહરીએ પત્રકારોની સાથે વાતચીત કરતાં કહ્યુ હતું કે રાજયમાં ચુંટણી આવી રહી છે ત્યારે ગુજરાત પોલીસ સામે અનેક પડકારો છે.ચુંટણી સમયે કાયદો જોખમાવતાં તત્વો સામે કડક કાર્યવાહી ઉપરાંત વીઆઇપી સુરક્ષાની પાયાની જવાબદારી છે. સરકારે ઘડેલા નવા કાયદાઓનો અમલ કરાવીને ગેરકાયદે ચાલતાં કતલખાના અને દારુ વેચતાં બુટલેટરો સામે કડક પગલાં ભરાશે.કોમી હિંસાના પ્રયાસો કચડી નાંખવામાં આવશે. ગીતા જૌહરીએ પ્રથમ મહિલા ડીજીપી બનવાનું માન મેળવનાર મહિલા તરીકે મહિલાઓને થતા અત્યાચારના મુદ્દે કડક કાર્યવાહીનો નિર્દેશ આપ્યો છે.તેમણે કહ્યુ હતું કે મહિલાઓ પર થતાં અત્યાચાર મામલે સ્વાભાવિક રીતે જ મહિલા પોલીસ અધિકારી હોવાના નાતે હું વધુ ચિંતિત છું. અત્યાચારનો ભોગ બનેલી કોઇપણ મહિલા મને સીધી જ મળી શકે છે.

## રાજકીય પક્ષો ચુંટણી વચનો પાળતાં નથી : જે.એસ.કહેર,ચીફ જસ્ટીસ સુપ્રીમ કોર્ટ

ચુંટણી ઢંઢેરાઓ માત્ર કાગળના ટુકડા બની રહે છે કારણકે ચુંટણીલક્ષી વચનો સામાન્યપણે પુરા થતાં નથી તેવું સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ કે.એસ.કહેરે કહ્યુ હતું.આ બધાને માટે આપણે રાજકીય પક્ષોને જવાબદાર ઠેરવવા જોઇએ.ઇકોનીકસ રિફોર્મ્સ વિથ રેફરેન્સ ટુ ઇલેક્ટરલ ઇશ્યુઝ શીર્ષક હેઠળ યોજાયેલ એક સેમીનારમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી પણ હાજર રહ્યા હતા.ખેહરે કહ્યુ હતું કે ચુંટણીલક્ષી વચનો પુર્ણ ન થવા માટેનું કારણ આપવા માટે રાજકીય પક્ષો સભ્યોમાં સર્વસંમતિનો અભાવ જેવા બહાના કરે છે.નાગરિકોની યાદ શક્તિ ટુંકી હોવાને કારણે ચુંટણી ઢંઢેરા કાગળના ટુકડા જ બની રહે છે.પરંતુ રાજકીય પક્ષોને આ માટે જવાબદાર ઠેરવવા જોઇએ.

૨૦૧૪ની સામાન્ય ચુંટણીમાં રાજકીય પક્ષોએ જારી કરેલા ચુંટણી ઢંઢેરા અંગે જસ્ટીસે કહ્યુ કે આમાંથી કોઇ પણ પક્ષે ઉપેક્ષિત વર્ગને આર્થિક સામાજીક ન્યાયની ખાતરી માટે ચુંટણીલક્ષી સુધારા અને બંધારણીય હેતુ વચ્ચે કોઇ સબંધ હોય તેવા સંકેતો આપ્યા નથી.

મફતની લ્હાણી અંગે માર્ગરેખાઓ નક્કી કરવા માટે ચુંટણી પંચને સુપ્રીમ કોર્ટે જારી કરેલા નિર્દેશોને અનુરુપ ચુંટણી પંચ આચાર સંહિતાના ભંગ બદલ પક્ષો સામે પગલાં લઇ રહી છે.

## ઉત્તર પ્રદેશમાં ભોજનમાં માંસાહાર ન પીરસાતાં જાન જમ્યા વગર પરત ફરી

યુપીના બરેલી જિલ્લામાં કન્યા પક્ષે ભોજનમાં માંસાહારની વ્યવસ્થા ન કરી શકતાં એક જાન જમ્યા વગર પરત ગઇ હતી.કન્યા પક્ષે શાકાહારી ભોજનની વ્યવસ્થા કરી હોવા છતાં જાનમાં લોકોને માંસ ખાવાની ઇચ્છા હોવાથી તેઓ પાછા જતા રહ્યા હતા.આમ,હવે યુપીમાં કતલખાના પર યોગી સરકારના નિયંત્રણોની આર્થીક જ નહી સામાજિક અસરો પર દેખાવા લાગી છે.ભોજીપુરાના એક ગામમાં હામિદ અલી અનેક પ્રયાસો છતાં માંસની વ્યવસ્થા કરી શક્યા નહોતા.જો કે તેમણે શાકાહારી વાનગીઓની વ્યવસ્થા કરી હતી.પરંતુ જાનવાળાઓ શાકાહારી પસંદ નહોતું.

## અજમેર દરગાહના દિવાને ગૌહત્યા અને તલાક કુરાનની વિરુધ્ધ ગણાવ્યા

અજમેરની ખ્વાજા મૌયુદીન ચીસ્તીની દહગાહના દિવાન સૈયદ જૈનુલ આબેદીન અલીખાને ગૌહત્યા,ગૌમાંસ અને ટ્રિપલ તલાકનો વિરોધ કર્યો હતો. અને કહ્યુ હતું કે ગૌહત્યા અને ટ્રિપલ તલાક કુરાનની વિરુધ્ધ છે.તેમણે કહ્યુ હતું કે ગૌમાંસ અને ગૌહત્યાના કારણે દેશના બે સમુદાયો વચ્ચે વેરઝેર વધી રહ્યા છે.આથી સરકારે ગૌહત્યા અને ગાયના માંસના વેચાણ પર સંપુર્ણ પ્રતિબંધ લાદવો જોઇએ. ગુજરાત સરકાર દ્વારા ગૌહત્યાના દોષિતને આજીવન કેદની સજા કરવાની જોગવાઇને તેમણે આવકારી હતી. તેમણે ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની માંગણી પર કરી હતી.દીવાને ટ્રિપલ તલાકને ખોટા ગણાવ્યા હતા.અને કહ્યુ હતું કે પયગંબર હજરત મહંમદે જ કહ્યુ હતું કે અલ્લાહને તલાક સખત નાપસંદ હતા.કુરાનની આયાતોમાં પણ તલાક ન્યાયિક અને શરિયત મુજબ હોવાની સ્પષ્ટતા કરાઇ છે.

તેમણે વધુમાં કહ્યુ હતું કે લોકોએ ગૌમાંસ ખાવાનું બંધ કરવું જોઇએ. ગરીબ નવાઝ ખ્વાજાના ૮-૬માં ઉર્સ પ્રસંગે તેમણે અને તેમના પરિવારે ગૌમાંસ છોડવાની જાહેરાત કરી હતી.

દરગાહના દિવાને કહ્યુ હતું કે ટ્રિપલ તલાક માટે મહિલાઓની મંજુરી જરુરી છે. ત્રણ વખત તલાક કહેવાનું આજના સમયમાં યોગ્ય નથી. તે કુરાનની પવિત્ર ભાવનાઓની વિરુધ્ધ છે. તેમણે કહ્યુ કે જો નિકાહ પરિવારજનોની હાજરીમાં થાય તે તલાક એકાંતમાં શા માટે?

### જાણવા જેવું !

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

લુઇ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઇ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઇઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.